પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૨૭ | ૧૬ જુલાઈ, ૨૦૨૩, રવિવાર; અષાઢ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

ભારત-યુએઈ વચ્ચે વેપારના કરાર

બંને દેશની કરન્સીમાં વેપાર કરવા કરાર : વડાપ્રદાન મોદીનું યુએઈમાં ભવ્ય સ્વાગત કરાયું : આઈઆઈટી દિલ્હી તેના અબુ ધાબી કેમ્પસમાં જાન્યુઆરીથી માસ્ટર્સ અને આવતા વર્ષે સપ્ટેમ્બરથી બેચલર્સ કોર્ષ શરૂ કરશે

અબુ ધાબી, તા.૧૫

વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું શનિવારે અબુ ધાબીના કસર અલ વતન ખાતે રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પછી વડા પ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ મોહમ્મદ વચ્ચે વાતચીત થઈ અને ઘણા મહત્વપૂર્ણ કરાર પણ થયા.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે હું અબુ ધાબી આવીને તમને મળીને ખુશ છું. હું તમે આપેલા ઉષ્માભર્યા સ્વાગત માટે અને તમે મને બતાવેલ સન્માન માટે તમારો

● અનુસંધાન પાન-૭ પર

અશ્વિનની ફિરકી સામે વિન્ડીઝ ધ્વસ્ત, ભારતનો યશસ્વી વિજય

ભારતનો પ્રથમ ટેસ્ટમાં એક ઈનિંગ્સ અને ૧૪૧ રને વિજય : ભારતે એક ટીમ સામે સૌથી વધુ ટેસ્ટ વિજયનો વિક્રમ તોડ્યો

ડોમિનિકા, તા.૧૫

ભારતીય ટીમે ટેસ્ટ સિરીઝની પ્રથમ મેચમાં વેસ્ટ ઈન્ડિઝને એક ઈનિગ અને ૧૪૧ રને હરાવ્યું હતું. ભારતીય ટીમની આ જીતમાં યશસ્વી જયસ્વાલ અને રવિચંદ્રન અશ્વિને મહત્વની ભૂમિકા ભજવી હતી. આ જીત સાથે ભારતે પોતાનો જ રેકોર્ડ તોડી નાખ્યો છે. ભારતીય ટીમે કોઈપણ એક ટીમ સામે સૌથી વધુ ટેસ્ટ મેચ જીતવાનો રેકોર્ડ તોડી નાખ્યો છે. ભારતે અત્યાર સુધી ૨૩ ટેસ્ટ મેચમાં વેસ્ટ ઈન્ડિઝને હરાવ્યું છે.

ટેસ્ટ મેચોમાં ભારતે ઓસ્ટ્રેલિયાને સૌથી વધુ વખત હરાવ્યું છે. ભારતીય ટીમે ઓસ્ટ્રેલિયાને ૩૨ વખત હરાવી છે. આ સાથે જ ઈંગ્લેન્ડનો ૩૧ વખત પરાજય થયો છે. આ પછી વેસ્ટ ઈન્ડિઝની ટીમ ત્રીજા નંબર પર આવી ગઈ છે. ભારતીય ટીમે ૨૩ વખત વેસ્ટ ઈન્ડિઝને હરાવ્યું છે. અગાઉ ન્યુઝીલેન્ડ અને શ્રીલંકાની ટીમો સંયુક્ત રીતે ત્રીજા નંબર પર હતી. ભારતે આ બંને ટીમો સામે ૨૨-૨૨ ટેસ્ટ મેચ જીતી છે.

ભારતે વધુ એક વિશેષ સિદ્ધિ હાંસલ કરી છે. રન અને ઈનિંગ્સના મામલે તેણે એશિયા બહાર અત્યાર સુધીની સૌથી મોટી જીત મેળવી હતી.

હિમાચલમાં પૂરમાં ફસાયેલા ૭૦,૦૦૦ને બચાવાયા

૮૦ ટકા વિસ્તારોમાં વીજળી, પાણી અને મોબાઈલ સેવાઓ અસ્થાયી રૂપે પુનઃસ્થાપિત કરાઈ

સિમલા, તા.૧૫

હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદના કારણે સર્જાયેલા પૂરમાં ફસાયેલા સ્થાનિકો અને પ્રવાસીઓને બચાવવાની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. મુખ્યમંત્રી સુખવિંદર સુખુએ આ અંગે આજે માહિતી આપી હતી.

તેમણે કહ્યું કે, અત્યાર સુધીમાં લગભગ ૭૦,૦૦૦ પ્રવાસીઓની બચાવ કામગીરી કરવામાં આવી છે અને લગભગ ૫૦૦ પ્રવાસીઓએ પોતાના નિર્ણય અનુસાર રાજ્યમાં પાછા રહેવાનો નિર્ણય લીધો છે.

રાજ્યમાંથી ૧૫,૦૦૦ જેટલા વાહનો અન્ય સ્થળે ખસેડવામાં આવ્યા છે. આ સાથે, આપત્તિ પ્રભાવિત ૮૦ ટકા વિસ્તારોમાં વીજળી, પાણી

● અનુસંધાન પાન-૭ પર



રાજસ્થાનમાં માલગાડી પાટાથી ઊતરી જતા રેલ સેવા પ્રભાવિત

રાજસ્થાનના જયપુર-ફૂલેરા રેલ માર્ગ પર અસલપુર-જોબાર્ને અને હિરનોડા સ્ટેશન વચ્ચે અપ લાઇન પર થયો હતો

જયપુર, તા.૧૫

રાજસ્થાનના જયપુર-ફૂલેરા રેલ માર્ગ પર આજે સવારે એક માલગાડી પાટા પરથી ઉતરી ગઈ હતી. આ અકસ્માત હિરનોડાથી જોબનેર રેલવે સ્ટેશન વચ્ચે થયો હતો.

ઘટના સવારે ૫ વાગ્યા આસપાસ બની હતી. અહેવાલ અનુસાર, માલગાડીના ૨ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. માહિતી મળતાં જ રેલવે અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. માલગાડીના બે ડબ્બા પાટા પરથી ઉતરી જવાને કારણે રેલ વ્યવહાર પ્રભાવિત થયો છે. આ અકસ્માત અસલપુર-જોબાર્ને અને હિરનોડા સ્ટેશન વચ્ચે અપ લાઈન પર થયો હતો. રેલ ટ્રાફિકને ફરીથી સરળ બનાવવા માટે ખૂબ ઝડપથી કામ ચાલી રહ્યું છે. બીજી તરફ માલગાડી પાટા પરથી ઉતરી જવાને કારણે ઘણી રેલ સેવાઓ પ્રભાવિત થઈ છે.

સમાજવાદી પક્ષના નેતા આઝમ ખાનને બે વર્ષની સજા

રામપુર, તા.૧૫

સમાજવાદી પાર્ટીના નેતા આઝમ ખાનને હેટ સ્પીચ કેસમાં દોષીત ઠેરવવામાં આવ્યા છે. રામપુરની કોર્ટે આ નિર્ણય સંભળાવ્યો છે.

વર્ષ ૨૦૧૯માં રામપુરના શહઝાદનગર પોલીસ સ્ટેશનમાં સમાજવાદી પાર્ટીના નેતા આઝમ ખાન વિરુદ્ધ ભડકાઉ ભાષણ આપવા બદલ કેસ નોંધવામાં આવ્યો હતો.

આઝમ પર લોકસભા ચૂંટણી દરમિયાન ભડકાઉ ભાષણ આપવાનો આરોપ હતો, જ્યારે આઝમ ખાન સપા- બસપાના ગઠબંધનથી લોકસભાના ઉમેદવાર હતા. રામપુર કોર્ટે બે વર્ષની સજા સંભળાવી છે.

એનડીએની બેઠક માટે ચિરાગ-માંઝીને આમંત્રણ

વિપક્ષી એકતાને ટક્કર આપવા ભાજપની તૈયારી શરૂ

નવી દિલ્હી, તા.૧૫

ભાજપે પણ લોકસભા ચૂંટણીમાં વિપક્ષી એકતાને ટક્કર આપવા તૈયારીઓ શરૂ કરી દીધી છે. તે એનડીએથી અલગ થઈ ગયેલા સાથી પક્ષોને સાથે લાવવાની કવાયત પણ શરૂ કરી રહી છે. તે આની શરૂઆત બિહારથી કરવા જઈ રહી છે. બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડાએ ૧૮ જુલાઈએ એનડીએની બેઠક બોલાવી છે. તેમણે લોક જનશક્તિ પાર્ટીના પ્રમુખ ચિરાગ પાસવાન અને હિન્દુસ્તાની અવમ મોરચાના પ્રમુખ જીતન રામ માંઝીને બેઠકમાં હાજરી આપવા આમંત્રણ આપ્યું છે.

લાંબા સમયથી ચર્ચા થઈ રહી છે કે, માંઝી અને ચિરાગ ફરી એનડીએમાં સામેલ થઈ શકે છે. તેઓ સતત અલગ-અલગ મુદ્દાઓ પર ભાજપને સમર્થન આપી રહ્યા છે. હાલમાં જ કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાય પણ પટનામાં ચિરાગ પાસવાનને મળ્યા હતા. આ બેઠક એલજેપીઆરના નેતાઓની બેઠક દરમિયાન થઈ હતી. બેઠક બાદ ચિરાગે પોતાના નેતાઓને કહ્યું હતું કે, ભાજપ સાથે ગઠબંધનની વાત ઘણા સમયથી ચાલી રહી છે. હવે વધુ એક કે બે રાઉન્ડની વાતચીત થવાની છે. એનડીએની બેઠકમાં ચિરાગ પાસવાન, જીતન રામ માંઝીની પાર્ટી એચએએમ ઉપરાંત ઉપેન્દ્ર કુશવાહાની આરએલજેડી અને મુકેશ સાહનીની પાર્ટી વીઆઈપી અંગે પણ નિર્ણય લેવામાં આવી શકે છે. જો કે, આ તમામ નેતાઓ એનડીએમાં પાછા ફરવાના સંકેત આપી ચૂક્યા છે. કોઈપણ રીતે, ચિરાગ, માંઝી અને ઉપેન્દ્ર કુશવાહ અગાઉ પણ એનડીએમાં સામેલ થઈ ચૂક્યા છે.

એશિયન ગેમ્સ : ઋતુરાજ ગાયકવાડ ટીમ ઈન્ડિયાનું નેતૃત્વ કરશે

એશિયન ગેમ્સ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત

નવી દિલ્હી, તા.૧૫

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે આવતા મહિને ચીનમાં યોજાનારી એશિયન ગેમ્સ માટે ટીમની જાહેરાત કરી છે. આ ગેમ્સ ૧૯ સપ્ટેમ્બરથી ૮ ઓક્ટોબર દરમિયાન યોજાશે, જ્યારે ટી૨૦ ફોર્મેટ ઈવેન્ટ ૨૮ સપ્ટેમ્બરથી ૮ ઓક્ટોબર દરમિયાન યોજાશે. આઈપીએલ ૨૦૨૩માં ચેન્નઈ સુપર કિંગ્સના ઓપનર ખેલાડી ઋતુરાજ ગાયકવાડને મોટી જવાબદારી સોંપવામાં આવી છે.

અજીત અગરકરની આગેવાની હેઠળની પસંદગી સમિતિએ ઋતુરાજ ગાયકવાડને ટીમની કમાન સોંપી છે, જ્યારે આઈપીએલમાં ધમાલ મચાવનાર રિંકુ સિંહને પણ ટીમમાં સ્થાન આપવામાં આવ્યું

● અનુસંધાન પાન-૭ પર

ARENA ANIMATION CHANDKHEDA
ADMISSION OPEN 2023-24
10th/12th PASS/FAIL & WITH COLLEGE
VFX
ANIMATION- 2D/3D
3dsMAX
GRAPHICS
MOTION GRAPHICS
AUDIO-VIDEO EDITING
WITH 100% LOAN FACILITY
WITH JOB PLACEMENT SUPPORT
CALL -8866101555

M.D.GROUP TUITION
• Std. 11-12 Maths - Phy - Chem - Bio
• Std. 11-12 Accounts - Statistics - Eco - BST
• Std. 3 to 10 Maths - Science - English & S.S* Both Medium
IELTS & UPSC-GPSC-IAS-IPS
ICSE - CBSE - GSEB - IB - ISC
Group and Personal Tuition at your home
ICSE Specialist M.D. SIR
Director : M.D. Patel (M.D. SIR) Elect. Engg.& B.Sc. Maths.)
Branch : (1) F-301 Sarthak Fortune Mall, Nr. City Pulse, Urjanagar, Kudasan. (2) 120, The Sky Court, Below Divine Hospital, Sargasan (3) Plot No. 353/1, Sec.2-B
Mo. 9377128297, 8849161449

शिवालय™ SHARNAM
3 BHK
Spacious Apartments
Besides Swaminarayan Dham
Off Main Koba G'nagar Rd

એક ઘર
જ્યાં મળે લાગણીનો સ્પર્શ
Ready to Move In
Save upto Rs 5 Lakhs before Rathyatra*
www.shivalaysharnam.com
Besides Swaminarayan Dham, Kudasan, Gandhinagar.
શિવાલય™ Shyam Group motera
+91 909 909 3366
Exclusively Marketed By : The Property Shop
PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/RAA05157/280319 | www.gujrera.gujarat.gov.in
* Conditions apply